સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સફેદ સેવકો પણ લ્યો ! કાળાંબજાર ખોલે છે!
દવાખાના-સાધનો-સારવારના 'ભાવ' બોલે છે!
છોલે છે - દવા-ઓક્સિજન માટે દયાહીન બની -
તંત્ર આંકડાના પીટે ઢોલ બધું પોલંપોલે છે
(બજારો બંધ - કાળાં બજાર શરૂ)

દવાખાનાં જ
બની જાય 'સ્મશાન'
- એ 'સેવા' જ છે!!
('નિશાળે' 'કોરોના કેન્દ્ર'
થાય જ છે ને!)

'શોર્ટ-સર્કીટ'
- દોષ છૂપાવવાનો
છે શોર્ટ-કટ...
(સાધનો તો ઉત્તમ જ છે!)

હાઈકુ

ચિંતન

યો જાનાત્યાર્જંતુ સમ્યગર્જિતં નહિ રક્ષિતુમ ।
નાતઃ પરતરો મૂર્ખો, વૃથા તસ્યાર્જનશ્રમઃ ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જે મનુષ્ય કેવળ કમાઈ જ જાણે છે અને કમાણીનું સારી રીતે રક્ષણ કરવાનું નથી જાણતો કે એમાં ગાલેફ રહે છે તો તેના જેવો બીજો કોઈ મૂર્ખ નથી - કારણ કે આવા મનુષ્યે કરેલા પુરુષાર્થનો પરિશ્રમ વ્યર્થ જાય છે.

આવકની સૌપ્રથમ શરત એ છે કે દસ ટકા ધર્માદા કરવાની આવક શુદ્ધ લક્ષ્મી થાય છે પછીના દસ ટકા દાન-પુણ્યમાં ખર્ચવા જોઈએ. બચત અને રોકાણમાં પણ યથાશક્તિ આયોજન કરવું જોઈએ.

કેટલાક લોકોની બેનંબરની આવકનું આયોજન યોગ્ય રીતે થતું નતી તેથી લક્ષ્મી પોતાનો માર્ગ સ્વયં નક્કી કરી લે છે. પરિણામે રોગ અને રાગથી શરીર તંદુરસ્તી બગડે છે એન દવાઓ - ડોક્ટરોને માટે કમાણીના અમુક ટકા આપોઆપ વપરાય છે.

સુવિચાર

- ધનથી ગ્રહશાંતિનું વિધાન કરાવી શકનાર પર ગ્રહશાંતિ નહીં, જયારે ધર્મ હોય ત્યાં ગ્રહો શાંતિ અનુભવે - **આચાર્ય રાજહંસ**
- ધનવાન પોતાની જાતને ભગવાન માને છે જયારે ધર્મીને દુનિયા ભગવાન તરીકે સ્વીકારે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ધનથી ધર્મ વધે ન વધે, પણ ધર્મથી ધન અવશ્ય વધે - **બોધિવૃક્ષ**
- ગમે તેટલું સૌંદર્ય સામે આવે, અરીસો તેનાથી અલિપ્ત જ હોય છે, કેટલાંક આત્મસાધકો પણ આવા જ હોય છે - **જનકલ્યાણ**
- જો દુઃખી જ થવું હોય તો ઘરમાં કદરની અપેક્ષા રાખવી - **રામસંગ ભગત**
- મારે અસ્ત સુધી સતત વ્યસ્ત રહેવું છે... મારાં માનીતાં કાર્યમાં સતત મસ્ત રહેવું છે - **ઈશિતા**
- આજનું ઔષધ : હરડે, બહેડા, આમળા, હળદર અને લીમડાની છાલ પર ગિલોયનો ઉકાળી બનાવીને પીવાથી માથાનો દુઃખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મહાન બોકસર મુહમ્મદ અલીના દીકરી હાના અલીએ તેના પિતા વિશે લખેલા પુસ્તક 'મોર ધેન અ હીરો' નો એક પ્રસંગ. હાના પંદરેક વર્ષની હશે ત્યારે હાના ફેશનેબલ વસ્ત્રો પહેરી ઘરમાં ફરતી. એકવાર પિતા મુહમ્મદ અલીએ તેને આવા ટૂંકા વસ્ત્રોમાં જોઈ તેને પ્રેમથી બોલાવી પોતાની સામે બેસાડી ખૂબ પ્રેમથી માથે હાથ મૂકી તેને સંબોધી. અલીએ દીકરીને કહ્યું, 'હાના, તને ખબર છે હીરા કયાં મળે. જમીનમાં ખૂબ ઊંડે આવેલી ખાણમાં જે મજૂરો પોતાનો જીવ જોખમમાં મૂકે ત્યારે ખાણમાં હીરા સુધી પહોંચી શકાય છે. એવી જ રીતે મોતી કયાં મળે તેની તને ખબર છે? સાગરના તળીયે, મોતી તેના કવચની અંદર કવર્ડ અને પ્રોટેકટેડ હાલતમાં હોય ખુલ્લા કે ઉઘાડા ન હોય... એવી રીતે સોનું પણ પથ્થરોની ખાણમાં ખૂબ ઊંડાણમાં સહેલાઈથી કોઈની નજરમાં ન આવે એ રીતે સોનું ખાણમાં હોય છે.' અલીએ કહ્યું, 'બેટા, આ જગતમાં જેટલી પણ મૂલ્યવાન ચીજો છે ને તે બધી જ પ્રકૃતિએ - ઈશ્વરે સંતાડેલી રાખી છે. એક પણ મૂલ્યવાન ચીન ખુલ્લી નથી રાખી - ઉઘાડી નથી રાખી. એ મૂલ્યવાન ચીજો કોઈ સરળતાથી નીરખી ન શકે. અને આ હીરો મોતી કે સોના કરતાં પણ તું ખૂબ જ કિમતી છે. જગતની આ બધી જ મૂલ્યવાન ચીજો કરતાં પણ મારી દીકરી અનેકગણી મૂલ્યવાન છે.' મહાન બોકસરે પોતાની દીકરીને હિત શિક્ષા કેટલી સુંદર રીતે આપી. કહેવાની રીત એટલી અસરકારક હતી કે હા ના કે પછી ટૂંકા વસ્ત્રો ને વિદાય કરી. અંગ પ્રદર્શન ન થાય તેવા જ કપડાં પહેરવા નિશ્ચય કર્યો.

ઓક્સિજનની સમસ્યા ઘેરી બને છે

તંત્રીસ્થાનેથી...

કુદરતે રચેલી જીવસૃષ્ટિમાં વાઈરસથી લઈ માણસ અને વિશાળકાય હાથી કે ક્રૂર હિંસક પ્રાણીઓનો સમાવેશ થાય છે. જીવસૃષ્ટિનો પ્રારંભ શેવાળ જેવી વનસ્પતિથી થયો હોવાનું કહેવાય છે. વાઈરસને હજી 'જીવ' કક્ષામાં ગણવામાં નથી આવતું. અમીબા, બૅકટેરિયા, પ્રોટોઝુઆ વગેરે જીવંત અને એટલાં જ ખતરનાક જંતુઓ છે. ફૂગ એ બધાં કરતાં વધારો આકરે જીવ છે. હમણાં હમણાં કોવિડ-૧૯ના સાજા થયેલા દર્દીઓ પૈકી કેટલાક માયકોસીસના હુમલાનો ભોગ બન્યા છે. મ્યુકોમાઈકોસીસ નામે ઓળખાતી આ ફૂગ એટલી ખતરનાક છે કે નાક અને તાળવાથી શરૂ થઈ એને આંખ અને મગજનો કબજો લેતાં ઝાઝી વાર નથી લાગતી. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આવા દરદીઓની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. દરદીને કોરોના સંક્રમણ સામે ઝઝૂમવા માટે અપાતી સ્ટેરોઈડ જેવી દવાઓ આ મ્યુકોમાઈકોસીસની પૂર્વ ભૂમિકા બની રહે છે. સ્ટેરોઈડથી દર્દીનું ગ્લુકોઝ લેવલ વધી જાય છે. એમાં પણ જો એ ડાયાબિટીસથી પીડાતો હોય તો પરિસ્થિતિ વધારે વિકટ બની જાય છે. ફૂગ માટે અંગ્રેજીમાં 'ફંગસ' શબ્દ છે. આ ફંગસ કોવિડ-૧૯ને માત આપી ઘરે આવ્યા પછી દેખા દે છે અને પછી બહુ ઝડપથી પ્રસરવા લાગે છે. એ નાક, તાળવાથી મ્યુકોઝાથી - સુંવાળી ત્વચાથી વિકસતી વિકસતી આંખ અને છેલ્લે મગજ સુધી પહોંચી જાય છે. જો મગજ સુધી પહોંચી ગઈ તો દરદીને બચાવવાનો કોઈ ઉપાય રહેતો નથી. છેલ્લા મહિના દરમિયાન આવા ઘણા કેસ તજજ્ઞોએ ટ્રીટ કર્યા છે. ફૂગથી વિકૃત થયેલ અંગને સર્જરીથી દૂર કરવું એ જ એનો તરણોપાય છે. એટલે આવા અનેક દરદીઓએ ઉપરનું જડબું કાં તો આંખનો ડોળો કઢાવી નાખવાં પડ્યાં છે. વળી સર્જરી પછી પણ ફંગસને નિયંત્રિત અને નામશેષ કરવા માટે ઘણા બધા લાંબા સમય સુધી એન્ટિ ફંગસ ડ્રગ્સ લેવાં પડે છે. કલ્પના બહારની કિંમત ધરાવતી આ દવાઓ સામાન્ય માણસના ગજા બહારની જ બની રહે છે. રોજેરોજ હજારો-લાખોનો ખર્ચ આવતો હોઈ આવી દવાઓ સરકાર રાહત ભાવે ઉપલબ્ધ કરાવે તો જ સામાન્ય માણસ લઈ શકે એમ છે. ખાટલે મોટી ખોડ એ છે કે આપણા તંત્રવાહકોનું તબીબી જ્ઞાન નહીંવત જ હોય છે. એમને 'વહીવટ' કરતાં જ આવડે. નેતાઓ હોય તો નિવેદનો કરી જશ ખાટવા પ્રયાસ કરે; બાબુઓ હુકમ ફાડતા ફરે. કમનસીબી તે કેવી ! ગુજરાતના મુખ્યમંત્રીને ફરજના ભાગરુપે માનનીય વડાપ્રધાનશ્રીનાં વખાણ કરતાં રહેવું પડે. એમણે ગુજરાતને કયારેક કોવિડ-૧૯ના સંકળકામાં દવા, ઓક્સિજન કે રસીની ઊણપ પડવા દીધી નથી એવા નિવેદન આપવાં પડે. પરંતુ અદાલતમાં સોગંધનામા પર મુખ્ય સચિવને કબૂલવું પડે કે કેન્દ્ર ગુજરાતને એની માંગ અને જરૂરિયાત મુજબનો ઓક્સિજનનો ક્વૉટા ફાળવી શક્યું નથી. ઓક્સિજનની ટેન્કો ભરેલી ટ્રેનો ગુજરાતથી દિલ્હી રવાના થતી રહે અને ગુજરાતના દર્દીઓ ઓક્સિજન બેડ ખાલી પડ્યા હોવા છતાં ઓક્સિજન સપ્લાહના અભાવે તરફડી તરફડીને મરતા રહે ! હવે આ મ્યુકોમાઈકોસીસ તો નવું જ ઈદમ્ તૃતીયમ્ છે ! ગૉડ સેવ ગુજરાત!

મરાઠીઓને સરકારી નોકરીમાં અનામત ગેરબંધારણીય-સુપ્રીમ કોર્ટ

મહારાષ્ટ્ર સ્ટેટ રીઝર્વેશન ફોર સોશ્યલી એન્ડ એજ્યુકેશનલ બેકવર્ડ ક્લાસ એક્ટ, ૨૦૧૮

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

મહારાષ્ટ્રમાં મરાઠી સમુદાયના લોકોને શૈક્ષણિક સંસ્થાનો અને સરકારી નોકરીમાં ૧૬% અનામત આપતા અને મરાઠીઓને સામાજીક તથા આર્થિક રીતે પછાત ગણાવતા મહારાષ્ટ્ર સ્ટેટ રીઝર્વેશન ફોર સોશ્યલી એન્ડ એજ્યુકેશનલી બેકવર્ડ ક્લાસ એક્ટ, ૨૦૧૮ને સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચે રદ કરેલ છે.

જસ્ટીસ અશોક ભૂષણ, જસ્ટીસ નાગેશ્વર રાવ, જસ્ટીસ એસ. અબ્દુલ નઝીર, જસ્ટીસ હેમંત ગુપ્તા અને જસ્ટીસ રવિન્દ્ર ભટ્ટની પાંચ સભ્યોની બંધાણીય બેન્ચે મહારાષ્ટ્રમાં અનામત માટેની ૫૦% ની મર્યાદા વટાવી જતા આ કાયદાને ગેરબંધારણીય ગણાવી જણાવ્યું હતું કે, અનામત પરની ૫૦% મર્યાદાની પુનઃસમીક્ષા કરાશે નહી, તેમજ મહારાષ્ટ્રમાં મરાઠીઓને શૈક્ષણિક સંસ્થા તથા સરકારી નોકરીઓમાં અનામત ગેરબંધારણીય છે.

અનામતની મર્યાદા ૫૦%થી વધે તો બંધારણના આર્ટીકલ : ૧૪ અને ૧૫નું ઉલ્લંઘન થાય. બંધારણના આર્ટીકલ : ૧૪ તથા ૧૫ મુજબ ભારતના રાજયક્ષેત્રની અંદર કોઈ વ્યક્તિને રાજયથી કાયદા સમક્ષ સમાનતાની અથવા કાયદાના સમાન રક્ષણનો ઈન્કાર કરી શકાય નહી તથા આર્ટીકલ : ૧૫ મુજબ ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનને કારણે કરાતા ભેદભાવ ઉપર પ્રતિબંધ છે. નાગરિકોને મૂળભૂત અધિકારો મુજબ સમાન તક કે સમાન અધિકાર આપવામાં આવ્યા છે તથા આર્ટીકલ : ૧૬માં જાહેર નોકરીની બાબતોમાં સમાન તકની સમાનતા આપેલ છે, પરંતુ અનુસૂચિત જાતી, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને વિશેષ છૂટ બંધારણમાં અનામતથી આપવામાં આવેલ છે. જે કુલ સીટના ૫૦%થી વધારે જઈ ના શકાય. મરોઠાઓને સ્પેશીયલ અનામત આપવામાં આવે તો ૧૬% અનામત ગણાતા આ દર ૬૮% ઉપર આંબી જાય તેમ હતો. જે અસમાનતા છે.

મરાઠાઓને અનામત આપવા માટે હવે રાજ્ય સરકાર કેન્દ્ર સરકારના દ્વાર ખખડાવશે. મહારાષ્ટ્રની વિકાસ અઘાડી સરકારે જણાવ્યું છે કે, અમે અસામાન્ય સંજોગોના આધાર પર અનામતને પરવાનગી આપવા માટે કેન્દ્ર સરકારને પ્રસ્તાવ મોકલીશું. અગાઉ જાટ તથા ગુર્જર જાતિના સ્પે. અનામત માટેની દરખાસ્ત પણ કેન્દ્ર સમક્ષ પેન્ડીંગ છે. જેને સુપ્રિમ કોર્ટે ઈનકાર કરેલ છે. ૨૦૧૮માં ફડણવીશ સરકારે કેન્દ્ર સરકારને વિશ્વાસમાં લઈને કાયદો પસાર કરેલ, પરંતુ ગેરબંધારણીય હોય સુપ્રિમ કોર્ટે અમાન્ય ઠરાવ્યો છે.

સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે, ગાયકવાડ કમિશનના રિપોર્ટ અથવા બોમ્બે હોઈકોર્ટના ચુકાદાઓમાં ક્યાંય જણાવવામાં આવ્યું નથી કે, ૫૦% અનામતની મર્યાદા લાંબીને મરાઠી સમુદાયને અનામત આપવી પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે તેથી પણ અમો આ મર્યાદા વધારવાના પક્ષમાં નથી.

ઈન્દીરા શાહની વિરૂધ્ધ કેન્દ્ર સરકારના કેસમાં સુપ્રિમ કોર્ટે ૧૯૯૨માં આપેલા ચુકાદાની પુનઃસમીક્ષા કરવાનો લાર્જર બેન્ચને સોંપવાનો કોઈ જ ઈરાદો નથી. અનામત પર ૫૦% ની મર્યાદા એ સારો કાયદો છે. ઈન્દીરા શાહના કેસને લાર્જર બેન્ચમાં સોપવા માટે હાલ કોઈ જ કારણ નથી. સુપ્રિમ કોર્ટ અનામત અંગેના કેસમાં ઈન્દીરા શાહના ચુકાદાને અનુસરતી આવી છે અને આજદીન સુધી ચાર બંધારણીય બેન્ચે તેને મહોર મારી છે. આવી મરાઠાઓ માટે ૧૬% અનામતની વાત સુપ્રિમ કોર્ટ અમાન્ય રાખી અનામત પરની ૫૦% મર્યાદાને પુનઃસમીક્ષા કરવાનો કોઈ જ અર્થ હાલમાં નથી તેમ જણાવી મહારાષ્ટ્રમાં મરાઠાઓને શૈક્ષણિક અને સરકારી નોકરીમાં અનામત આપવુ એ ગેરબંધારણીય ઠરાવ્યું છે. હવે જોવાનું એ રહે છે કે, મરાઠા આંદોલન ગુર્જર કે જાટ અનામત આંદોલનની જેમ સમેટાઈ જાય છે કે નહી.

મો. ૯૮૨૫૪૫૦૧૯૧,
- info@trivediassociates.in

લેખક થઈ ને પણ લખાતું નથી, માં વિશે બે શબ્દોમાં પણ કહેવાતું નથી...

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

લેખક થઇ ને પણ લખાતું નથી
માં વિશે બે શબ્દોમાં પણ કહેવાતું નથી...

- માયા ગઢવી

"I miss you when you are at school but I am proud of how hard you are working to learn new things. mommy love you lot." આ શબ્દો છે પ્રિયંકા રોહનના કે જે અમેરીકામાં રહે છે. તમને જાણીને નવાઈ લાગશે કે તેના પાંચ વર્ષના દીકરાના lunch box માં yammy tasty healthy food ની સાથે એક નાની ચબરખીમાં રોજ આવું કંઈક લખીને મૂકે છે! વાત સાવ નાની અમથી છે અને ખૂબ સરળ શબ્દોમાં લખાયેલી છે પણ એક સંવેદનશીલ વ્યક્તિત્વને વિકસાવવા માટે ખૂબ જ અગત્યની છે; મહત્ત્વની છે. આપણે સતત લોકોને ફરિયાદ કરતાં સાંભળ્યા છે કે આજકાલના બાળકો સંવેદનશીલ રહ્યા જ નથી; કોઈની લાગણીઓનું મૂલ્ય સમજતા જ નથી પરંતુ, આ માટે જવાબદાર કોણ? પાંચ વર્ષના બાળક માટે શાળાએ જવું કેટલું તકલીફભર્યું હોય છે એ તો આપણે સૌ જાણીએ જ છીએ ત્યારે એવામાં બહારની દુનિયામાં પ્રવેશ કરવા કટિબદ્ધ બનેલ આ નાનકડા જીવને એક "માથી વિશેષ કોણ સમજી શકે?

"Eat your Favourite lunch and get some energy to learn someting new today. I am waiting for you." આ પ્રકારના શબ્દો બાળક lunch break માં વાચે ત્યારે તેની moral strength કેટલી વધી જતી હશે? તેના ચહેરા પર એક અનેરીરોનકચમક ઝળકી જતી હશે!

આજના આ hi-tech યુગમાં Paper પર લખીને આપવાનું સાવ જ ભૂલાઈ ગયું છે. SMS, MMS આ તમામનું ચલણ વધ્યું છે. પણ માત્ર બે-ચાર લીટીમાં લખાયેલા આ પ્રકારના સંવાદોનું મૂલ્ય કંઈક અનોખું જ હોય છે. એ life time momery બનીને તમારા સંસ્મરણોમાં આજીવન અકબંધ જળવાયેલી રહે. અને આ ઉપરાંત બાળકોમાં નાનપણથી જ આ પ્રકારની ટેવ વિકસાવવામાં આવે તો તેઓ પણ મૌલિક અને પોતાના વિચારોને પ્રદર્શિત કરતી આ પ્રકારની હી ચોક્કસ લખતા થાય. કૉલેજમાં ઘરથી દૂર admission લઈને hostel જનાર દીકરીના બેગેજમાં મમ્મી-પપ્પાએ લખેલી આવી જ કોઈ નાની ચબરખી તેના માટે એક ગજબના પ્રેરણાસ્ત્રોત સમાન બની રહે. તે જ રીતે પોતાના રૂમમાં કોઈ એક drawer માં પુત્રીએ પણ મમ્મી-પપ્પાને સંબોધીને આવી કોઈ નાની ચરબખીમાં 'I will miss you mom-dad' એવું લખ્યું હોય ત્યારે એ ચિઠ્ઠી મા-બાપ માટે દીકરીથી દૂર રહેવાની આ પળો માં એ ક સજજડ આધારનું કામ કરી જતી હોય છે. આપણે સૌ જાણીએ છીએ તેમ પુત્ર-પુત્રીને પત્ર લખવાની આ પરંપરા વર્ષોથી ચાલી આવી છે.

ગાંધીજીના તેમના પુત્રોને લખાયેલા પત્રો, પંડિત જવાહરલાલ નહેરુના ઈન્દિરાજીને લખાયેલા પત્રો તેમજ આવા અનેક મહાન હસ્તીઓના પત્રો આપણે ત્યાં પ્રકાશિત થયેલા છે. પણ હવે લાંબા-લાંબા પત્રો લખવા કે વાંચવાનો કોઈ પાસે સમય ન હોય ત્યારે આ પ્રકારની ટૂંકી નોંધ સંબંધોને પુનઃપ્રસ્થાપિત કરવામાં તેમજ તરોતાજા રાખવામાં અગત્યનો ભાગ ભજવે છે. સંવેદનશીલ બાળકો જ સંવેદનશીલ સમાજનું ઘડતર કરી શકશે. આવા બાળકોને માતા-પિતાના પ્રેમ અને હૂંફનો અહેસાસ થવાને કારણે તેઓ depression શિકાર પણ નહિ બને તેમજ કોઈ પણ ખોટું કાર્ય કરતાં પહેલાં એકાદ ક્ષણ માટે વિચારશે કે મમ્મીને આવું કરીશ તો ગમશે કે નહિ? રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જોડિયા પુત્રો મસ્તાન-નાનક માંડ એકાદ વર્ષના હતા ત્યારે ઝવેરચંદ મેઘાણીનાં પ્રથમ પત્ની દમયંતીબેનનું નિધન થયેલું. ઝવેરચંદ મેઘાણી અવારનવાર પુત્રોને પત્ર લખતા;

"તમારી પ્રત્યેક શક્તિનો ખૂબ વિકાસ થજો. જીવનની કોઈ પણ વિટંબણા તમને ડરાવે નહીં. તણખલા જેવી તુચ્છ લાગે. એવું પરાક્રમ તમારામાં પ્રકટ થજો.

તમે ફક્ત ભાઈઓ નથી. મિત્રો છો. જન્મસંગાથીઓ છો, એકબીજાના પૂરક છો, એક જ પંથના તીર્થયાત્રીઓ છો. શરીરે જુદા છતાં એકરસ અને એકરુપ છો એમ માનજો."

તમારા બેઉને કલ્યાણ ઈચ્છતો તમારો પિતા
ઝવેરચંદ.

તો આવો આપણે પણ આજથી જ આપણા બાળકો, મિત્રો કે ગમતી વ્યક્તિઓને આવી જ નાની નાની સંવેદનશીલ નોંધ લખીને અને સંબંધોને તરોતાજા અને જીવંત રાખીએ.

Last Seen :
માં ભણેલી હોય કે અભણ...
પણ જ્યારે તમે જિંદગી થી હારી જાવ ત્યારે એજ શિખવાડે કે આગળ કેમ વધવું...!!

- nehalgadhavi 101@gmail.com

કેટલીક મોર્ડન માતાઓ, જે મહાન માતા નથી...

નવી સવાર
રમેશ તન્ના

ગઈ કાલે મે મહિનાનો બીજો રવિવાર હતો. સમગ્ર વિશ્વમાં વિશ્વ માતૃત્વ દિવસ (વર્લ્ડ મધર ડે)ની ઉજવણી થઈ.

અમેરિકામાં દર વર્ષે મે મહિનાનો બીજો રવિવાર મધર ડે તરીકે ઉજવાય છે. ત્યાંનું વર્ક કલ્ચર એવું છે કે રવિવારે ઉજવણી કરવી વધારે અનુકૂળ આવે એટલે તેઓ આ રીતે રવિવારની પસંદગી કરતા હશે. હવે તો ભારતમાં પણ આ દિવસ રંગેચંગે ઉજવાય છે. માત્ર મધર ડે જ નહિ, ફાધર ડે અને બીજા એવા અનેક ડે ઉજવાય છે. આ બધા એવા ડે છે જે આયાતી છે. આપણી પરંપરા કે વારસામાં નહોતા, પણ આપણે તેની ઉજવણી બહારથી આયાત કરી.

આપણી સહિષ્ણુતાનું શિખર તો જુઓ, આપણે બીજાના તહેવારો પણ ઉજવી શકીએ. તહેવાર બીજાના, ઉજવણી આપણી! વિશ્વની કેટલી બીજી પ્રજાઓ આ રીતે બીજાના તહેવારોનો સ્વીકાર કરે છે?

આમેય એક પ્રજા તરીકે ભારતીયો અનુસરણ કરનારી પ્રજા છે. બીજાનું કંઈ સારું લાગે કે આપણે તરત જ તેનો સ્વીકાર કરી લઈએ છીએ. પશ્ચિમના દેશોમાં નાતાલ (ક્રિસમસ)ની જેટલા ઉત્સાહથી ઉજવણી નહીં થતી હોય તેટલા ઉત્સાહથી આપણે કરીએ છીએ. પશ્ચિમના દેશોમાં ઉજવાતા 'વિવિધ ડે' હવે આપણા ત્યાં પણ, આંધળું અનુકરણ કરીને ઉજવાય છે. ઉજવવું એ મહત્ત્વનું છે, નિમિત મહત્ત્વનું નથી.

માતૃદેવો ભવ એ આપણી સંસ્કૃતિ છે. માતા અને પિતાને તો આપણે ભગવાન કરતાં પણ ચઢિયાતા ગણીએ છીએ. માતા-પિતાની સેવા કરવી, તેમને આદર આપવો એ બાબત આપણી સંસ્કૃતિમાં અત્યંત સહજ છે. એ રીતે જોઈએ તો માતા-પિતાનો દિવસ આપણે વર્ષમાં દરરોજ ઉજવીએ છીએ. અલબત્ત, વર્ષનો કોઈ એક દિવસ સવિશેષ ગણીને તેની ઉજવણી થતી હોય તો ખોટું કશું નથી. હા, માત્ર દેખા-દેખીથી દંભી ઉજવણી કરવી એ યોગ્ય નથી. મા પાંચ વર્ષથી એકની એક સાડી પહેરતી હોય અને તમે પાંચ મિનિટમાં તેની સાથેના પાંચ ફોટા પાડીને ફેસબૂક કે વૉટ્?સઍપ પર અપલૉડ કરી દો એ ઉજવણી ખોટી ઉજવણી છે. આવું ન કરવું જોઈએ. છતાં ઘણા કરે છે. કરે, કારણ કે સમાજમાં બધા જ પ્રકારના લોકો હોય.

વાત કરીએ માતાના દિવસની ઉજવણીની. માતા હંમેશાં મહાન હોય છે. કોઈકે સાચું જ કહ્યું છે કે ઈશ્વર પોતે ઘરે-ઘરે જઈ શકે તેમ નહોતો, તેથી તેણે માતાનું સર્જન કર્યું. બાળકને પોતાના ગર્ભમાં નવ મહિના સુધી રાખીને તેને જન્મ આપીને, તેનો શ્રેષ્ઠ રીતે ઉછેર કરવો તે કામ માત્ર માતા જ કરી શકે છે. એવું કહેવાય છે કે જે રાહ જુએ છે તે મા હોય છે. માતાનો મહિમા કરીએ તેટલો ઓછો છે, પરંતુ બધી જ માતાઓ મહાન નથી હોતી. તેમાંય આધુનિકીકરણને કારણે જે કેટલાંક પરિવર્તનો આવી રહ્યાં છે તે પરિવર્તનો માતાના મહિમા સામે આંગળી ચીંધતાં હોય તેવું લાગે છે.

જુઓ કેવી છે આજની મૉર્ડન માતાઓ ? આ એવી માતાઓ છે, જે શરીરથી માતા બની જાય છે, પરંતુ હૃદય અને મનથી માતા બની શકતી નથી. આ માતાઓ સાચુકલી માતાઓ નથી હોતી, પરંતુ કહેવાતી માતાઓ હોય છે.

બાળક જન્મે પછી તેને ખોરાક માટે સૌથી પહેલી જરૂર પડે છે દૂધની. માતાનું દૂધ તેના માટે સૌથી શ્રેષ્ઠ હોય છે. આજની સુધરેલી અનેક માતાઓ પોતાના નવજાત બાળકને પોતાનું દૂધ નથી પીવડાવતી. કેમ ? અરે ભાઈ, તેનું ફિગર બગડી જાય છે. જો તે બાળકને દૂધ પીવડાવે તો તેનું સૌંદર્ય ખંડિત થાય છે. આવી મહાનતમ મૉર્ડન માતાઓ બાળકને બજારું દૂધ પીવડાવે છે. બોલો, આવી માતાઓને અભિનંદન આપવાનું મન થાય ?

આજકાલ આપણાં લાખો-કરોડો બાળકો જંકફૂડ ખાઈ રહ્યાં છે. મેંદો ખાવો તેના કરતાં ફેવિકૉલ ખાવો સારો. મેંદો પચવામાં ખૂબ જ અઘરો હોય છે. જંકફૂડમાં સ્વાદ હોય છે એટલું જ નુકસાન પણ હોય છે. આજકાલની સુધરેલી માતાઓના પ્રતાપે આપણા ત્યાં જંકફૂડ સંસ્કૃતિની સાથે-સાથે પડીકાં સંસ્કૃતિ પણ વિકસી છે. આરોગ્ય શાસ્ત્ર એવું કહે છે કે ખોરાક તાજામાં તાજો ખાવો જોઈએ. પડીકાંમાં જે વ્યંજન હોય છે તે અનેક દિવસ પહેલાં બનાવેલું હોય છે. આ વ્યંજન લાંબો સમય સુધી બગડે નહીં તે માટે તેમાં કૅમિકલ પણ નાખવામાં આવે છે.

આપણાં બાળકો આવો કૅમિકલવાળો ખોરાક ખાઈને બીમારીઓ તરફ આગળ વધી રહ્યાં છે તેમાં સૌથી મોટું પ્રદાન માતાઓનું છે. પ્રગતિના નામે માતાઓએ રસોડું છોડી દીધું છે. તેનો સૌથી મોટો ભોગ આપણાં બાળકો બની રહ્યાં છે.

એવી અનેક આધુનિક માતાઓ છે, જે ભણેલી છે. તેમણે બી.એ. કર્યું છે કે એમ.એ. કર્યું છે. તે ગ્રેજ્યુએટ થઈ છે કે પૉસ્ટ ગ્રેજ્યુએટ બની છે. સારી વાત છે. આપણી બહેનો ભણે તે મોટી વાત છે. જરૂરી પણ છે. અલબત્ત, મહત્ત્વનો મુદ્દો હવે આવે છે. આ શિક્ષણ તેમના જીવનમાં કેટલું ઉપયોગી થાય છે ? આવી માતાઓમાંથી કેટલી માતાઓ પોતાના બાળકને ભણાવે છે કે ભણવામાં મદદ કરે છે ? અરે, બાળક શાળા અને ટ્યૂશનના ભારથી દબાઈ જતું હોય ત્યારે પણ તેને પોતાના બાળકની સહેજ પણ દયા આવતી નથી. જાણે કે પોતાના બાળકના શિક્ષણ સાથે તેને કોઈ લેવા-દેવા જ નથી. ભણવું એ બાળકની પોતાની જવાબદારી છે અને તેમને ભણાવવું એ શાળાની જવાબદારી છે. વાત પૂરી. ખરેખર તો વાત પૂરી નથી થતી. ઘણીવાર તો વાત વણસી જાય છે. ગુજરાત રાજ્યમાં ૧૨-૧૪ કે ૧૮-૨૦ વર્ષના વિદ્યાર્થીઓ આત્મહત્યા કરે એ સ્થિતિ શા માટે ઊભી થઈ ? એમાં માતાઓની જવાબદારી છે એવું મારું કહેવું નથી, પરંતુ એવું જરૂર કહેવું છે કે જો આપણી માતાઓ જવાબદાર અને જાગૃત બને તો આ આત્મહત્યાઓને અટકાવી શકાય.

આજની આધુનિક માતાઓ પોતાની કૅરિયર સાચવવા અને બનાવવા માટે બાળકની ઉપેક્ષા કરે છે. આવું અનેક ઘરોમાં જોવા મળે છે, જ્યારે બાળકને સૌથી વધુ માતાની જરૂર હોય છે ત્યારે માતા તેને સમય અને પ્રેમ નથી આપતી. કોઈ દલીલ કરશે કે સ્થિતિ જ એવી હોય છે કે મહિલાએ ફરજિયાત નોકરી કરવી પડે તેમ હોય, તે ઈચ્છતી હોય તો પણ બાળકને સમય ન આપી શકે. કેટલાક અપવાદરૂપ કેસની વાત ના કરીએ તો અનેક કેસમાં મહિલા પોતાની વ્યક્તિગત આકાંક્ષા-મહત્ત્વાકાંક્ષાને સંતોષવા માટે બાળકની ઉપેક્ષા કરે છે. દુઃખ સાથે કહેવું પડે છે કે આજની મૉર્ડન મહિલાઓને કાં તો બાળક જોઈતું નથી અને કાં તો તેને બાળઉછેર કરવાનું ગમતું નથી. બાળઉછેરથી તે ભાગે છે, કારણ કે તે સ્વાર્થી થઈ ગઈ છે. ભલે આજની માતાઓમાં ગઈકાલની માતાઓ જેવી સમર્પણ, ત્યાગ, બલિદાન કે સહનશક્તિની ભાવના ના હોય, પણ તેનામાં માતાની લાગણી તો હોવી જ જોઈએ ને ! જે કામ માતા કરીા શકે તે માતા જ કરી શકે, બીજું કોઈ ના કરી શકે. આ વાત સમજવાની જરૂર છે. એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે એ વાત અમસ્થી નથી કહેવાઈ. માતાનું સ્તર ઘણું ઉપર છે, પણ આજની માતાઓએ એ સ્તરને નીચું લાવી દીધું છે.

અનેક માતાઓ એવી પણ હોય છે જે પોતાના બાળકને આખો દિવસ રોક-ટોક કરતી હોય છે. સતત તેની સરખામણી બીજા સાથે કરતી હોય છે. સંતાન પાસેથી અપેક્ષાઓ રાખીને તે અપેક્ષા કોઈ પણ રીતે પોતાનું સંતાન પરિપૂર્ણ કરે તેવો ગાંડો આગ્રહ રાખતી હોય છે. પાડોશીના બાળક કરતાં પોતાના બાળકને જો એક ટકો ઓછો આવી જાય તો તેના પર આભ તૂટી પડે છે. આવી માતાઓ જાણે-અજાણે પોતાના સંતાનનું મોટું નુકશાન કરતી હોય છે. બાળ ઉછેર એ નાની વાત નથી. શારીરિક રીતે માતા બનવું અઘરું છે તો હૃદયથી માતા બનવું કપરું છે.

આજકાલની અનેક ગુજરાતી અને આધુનિક માતાઓ આળસુ થઈ ગઈ છે. (બધી માતાઓની વાત નથી થતી, ગુજરાતી હોય એટલે બે પાંદડે સુખી હોય. ઘરનાં મોટા ભાગનાં કામ બંધાયેલાં હોય. ગુજરાતી મધ્યમવર્ગમાં મહિલાઓની સ્વતંત્રતાની એવી વ્યાખ્યા છે કે કચરા-પોતાં કરવાં, કપડાં ધોવાં, વાસણ ઉટકવાં અને રસોઈ કરવી... આ કામો જે ઘરમાં બંધાવેલાં હો